RIGHT TO INFORMATION

अपील अरજी नं.६८८ ता.१३–३–१२
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રીમતી આશાબેન રાજેન્દ્રભાઈ પાટીલ
સામાવાળા :– સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–લીંબાયતઝોન

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રીમતી આશાબેન રાજેન્દ્રભાઈ પાટીલની તા. ૦૫–૧૨–૧૧ની અરજીથી પુનીત નગર સોસા. પ્લોટ નં.–૫ ગોડાદરા કિષ્ણા પાર્ક સોસા.ની બાજુમાં સુરત ગોળાદરા આ ઘરનું પુરાવા માટે જે દસ્તાવેજ, કબજા રસીદ આપેલ છે તેની કોપી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૩–૩–૧૨ ની **SMC/FAP/** નં.૬૮૮/૨૦૧૧–૧૨

શ્રીમતી આશાબેન રાજેન્દ્રભાઈ પાટીલની તા. ૦૫–૧૨–૧૧ની અરજીથી પુનીત નગર સોસા. પ્લોટ નં.–૫ ગોડાદરા કિષ્ણા પાર્ક સોસા.ની બાજુમાં સુરત ગોડાદરા આ ઘરનું પુરાવા માટે જે દસ્તાવેજ, કબજા રસીદ આપેલ છે તેની કોપી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૩–૩–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા** પત્ર નં. આરટીઆઈ સેલ/૨૦૫૯ તા. ૨૨–૩–૧૨ થી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો તે બાદ નારાજગી હોય તો આધાર સહ તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. આકારણી વસુ.સા.ઈ.ઝોન/આ.નં.૧૦૯૭ તા. ૧૩–૩–૧૨ થી અરજદારને આપવામાં આવેલ માહિતીના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા. ૦૫–૧૨–૧૧ની અરજીથી પુનીત નગર સોસા. પ્લોટ નં.–૫ ગોડાદરા કિષ્ણા પાર્ક સોસા.ની બાજુમાં સુરત ગોડાદરા આ ઘરનું પુરાવા માટે જે દસ્તાવેજ, કબજા રસીદ આપેલ છે તેની કોપી આપવા બાબત તથા હાલનું સ્ટેટસ કાઢી આપવું. તેવી માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગે અરજદારે તા. ૧૩–૩–૧૨ સુધી કોઈ પુરાવા આપ્યા છે કે કાગળો મોકલેલ નહિ જેથી સખત કાર્યવાહી કરવા રજુઆત કરી તા. ૧૩–૩–૧૨ના રોજ અપીલ અરજી કરેલ છે જેમાં અરજદારે આ વિસ્તારના સર્વેયરો બરાબર ધ્યાન આપતા નથી. સર્વેયરોના નામ, કર્મચારી નં., હોદ્દો અને મોબાઈલ નં. તથા તેમને અરજી ફી ભરેલી રસીદની પાછળ વેરાબીલના નામે કરવા કેટલા દિવસ અને કેટલા વર્ષ લાગતે તેમજ સર્વેયરના નામ, હોદ્દો અને મોબાઈલ નં. વિગેરેની માંગણી કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં. આકારણી વસુ. સા.ઈ.ઝોન / આ.નં./૧૦૯૭ તા. ૧૩–૩–૧૨થી નિયત સમય અવધિ બાદ " સદર અરજીથી માંગેલ માહિતી ઉપલબ્ધ રેકર્ડ મુજબ આપવા જોગ જવાબ નીચે પ્રમાણે છે. અરજીથી પુનીત નગર સોસાયટી, પ્લોટ નં. ૫ ગોડાદરાના દસ્તાવેજ, કબજા રસીદ તથા હાલના પાર્ટી સ્ટેટસની માહિતીની માંગણી કરેલ છે જેના અનુસંધાનમાં જણાવવાનું કે કબજા રસીદની નકલ તથા પાર્ટી સ્ટેટસના પાના નંગ–૧ થી ૭ આ સાથે સામેલ છે." તેવું જણાવેલ. આમ અરજદારને મૂળ અરજીમાં માંગેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પુરી પાડવામાં આવેલ છે. વધુમાં સુરત મહાનગરપાલિકા ટેલીફોન નં. ૨૩૩૧૯૦૩–૦૪–૦૫ જણાવેલ છે. અરજદારે સર્વેયરના નામ, હોદ્દો, કર્મચારી નં., મોબાઈલ નં. તથા વેરાબીલ નામે કરાવવા કેટલા દિવસ લાગશે વગેરે અપીલમાં મૂળ અરજીથી અલાયદી અપીલ તબક્કે ઉપસ્થિત પૂરક પ્રશ્નો કરેલ છે તેમજ આ વિસ્તારના સર્વેયરો બરાબર ધ્યાન આપતા નથી. તેવો પ્રશ્ન પણ ઉપસ્થિત કરેલ છે. તેમજ માહિતી ન આપવા બાબતે કાર્યવાહીને લગતો પ્રશ્ન પણ ઉપસ્થિત કરેલ છે.

અરજદારની પ્રથમ અપીલ તા.૧૩–૩–૧૨ ધ્યાને લેતાં ૧૧–૪–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૨૬–૪–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૦૫–૧૨–૧૧ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પુરી પડાયેલ હોય, અપીલ અરજી અંગે કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. જયારે અરજદારે મૂળ અરજીથી અપીલ તબક્કે ઉપસ્થિત કરેલ પૂરક પ્રશ્ન અંગે આરટીઆઈ કાયદાની જોગવાઈઓ અને નિયમો અનુસાર અલાયદી રજુઆત કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે. અરજદારે સર્વેયરો બરાબર ધ્યાન આપતા નથી. તેવી ફરીયાદ બાબતે સક્ષમ સત્તાને અલાયદી રજુઆત કરવા સ્વતંત્ર છે."

અરજદારે અપીલ અરજીમાં નિયત સમયગાળામાં માહિતી ન આપતા અધિકારી વિરુદ્ધ કાર્યવાહી કરવાની કરેલી રજુઆત અંગે આરટીઆઈ એકટની કલમ–૨૦ મુજબ રાજય માહિતી આયોગ, સેકટર નં.૧૮ ગાંધીનગર–૧૮ ને હોઈ, તે અંગે અત્રેથી કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

(પી.જે. ઝાલા)<br>ડે.કમિશ્નર (સ્પે.)<br>અને ત.એપેલેટ ઓફિસર<br>સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/<br>તારીખ : –૬–૧૨

(૧) પ્રતિ,સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–લીંબાયતઝોન.... જાણ તથા અમલ માટે<br>(૨)શ્રીમતી આશાબેન રાજેન્દ્રભાઈ પાટીલ,